## <u>ક્રિમિનલ કેસ નં.૧૦૭૫૮૬/૨૦૨૬ ના કામે ચાર્જશીટ હેઠળ હુકમ</u>

આ કામે **આરોપી જીતુભાઇ શંકરભાઇ મારવાડી** સામે ત.ક.અમલદારે બી.એન.એસ. ની કલમ–૨૮૫ મુજબનુ ચાર્જશીટ રજુ કરેલ છે. મજકુર કામે આજ રોજ આરોપીએ હાજર થઇ કબુલાત પુરસીસ રજુ કરી પોતે ગુનો કબુલ કરતા હોવાની હકીકત જણાવેલ છે અને જણાવેલ છે કે,પોતે ગરીબ વર્ગનો છે અને કુટુંબની જવાબદારી તેના શીરે છે કાયદા પ્રત્યે માન છે, અજાણતા મજકુર ગુનો થયેલ છે તેનો પસ્તાવો વ્યકત કરે છે અને ભવિષ્યમાં આવા પ્રકારના કોઇ ગુનાહિત કૃત્ય કરશે નહી તેવી ખાત્રી આપે છે. આરોપીનુ નિવેદન લેતાં તેના કબુલાત સ્વેચ્છીક હોવાનુ જણાય છે, કોઇએ તેને કોઇ લાલચ કે પ્રલોભન આપેલ નથી, ગુનાની સજાની જોગવાઇ બાબતે તેને માહીતગાર કરવામાં આવેલ છે,છતાં પોતે સ્વેચ્છીક કબુલાત કરતો હોઇ તેની કબુલાત રેકર્ડ કરવામાં આવે છે. આરોપીની રજુઆત તેની સામાજીક અને આર્થિક સ્થિતિ અને જે સંજોગોમાં ગુનો બનવા પામેલ છે તે તમામ હકીકતને નિગાહે લેતાં આરોપીને ઓછામાં ઓછી સજા કરવા માટેનો યોગ્ય કીસ્સો જણાય છે અને આ બાબતે નામદાર ગુજરાત વડી અદાલતનો નટવર હરચંદ વિ.સ્ટેટનો ચુકાદો કે જે જી.એલ.આર.૨૦૦૫ પેજ નં. ઉપર પ્રકાશીત થયેલ છે તે ધ્યાને લેતાં, આરોપીને આવા કિસ્સામાં ન્યુનત્તમ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય તેમ હોઇ આરોપીની કબુલાતને ધ્યાને લેતાં આરોપીને બી.એન.એસ.એસ. ની કલમ–૨૭૫ અન્વયે તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

### <u>હુકમ</u>

આ કામના **આરોપી જીતુભાઇ શંકરભાઇ મારવાડી** ને મજકુર ગુના સબબ બી.એન.એસ. ની કલમ–૨૮૫ ના ગુનામાં **રૂ.૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા)** નો દંડ ફરમાવવામાં આવે છે. આરોપી જો દંડ ન ભરે તો દિન– ૩ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

તા.૧૧.૦૭.૨૦૨૬
પાવતી નં.
રૂા.૧૦૦/– (અંકે રૂપીયા એકસો પુરા)
c.b.t.(pa)

**(એકતા કંવર ચંદ્રાવત)**
**Code No. GJ01683**
જયુડી.મેજી.ફ.ક.,(મ્યુનિ.),
વડોદરા.

Nazir
Judi.Magi.F.C.(Muni) court, Vadodara.